# ગુજરાત વિધાનસભા.

-----------

## પંદરમી વિધાનસભા

## નવમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

સવારે ૧૦:૦૦ વાગ્યે

-----------

1. <u>પ્રશ્નોત્તરી</u>

<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(1) માનનીય નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી

(2) માનનીય કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ મંત્રીશ્રી

(3) માનનીય  શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી

(4) માનનીય વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી

(5) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી

(6) માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી

2. <u>તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)</u>

(1) નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્ય ડૉ. તુષાર ચૌધરી(અમીત ચાવડા, ડૉ. કિરીટકુમાર પટેલ અને વિમલભાઇ ચુડાસમા) માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)નું ધ્યાન દોરશેઃ-

"તાજેતરમાં ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતા વરસાદના કારણે કેટલાક જિલ્લાઓમાં નહિવત્ વરસાદ થતાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઇ છે અને આવનાર દિવસોમાં તે પરિસ્થિતિ ગંભીર બનવાની શક્યતાને લીધે આવા જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને જરૂરી કાર્યવાહી કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાંઓ."

3. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(1) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો જલ જીવન મિશન પર માર્ચ-૨૦૨૪ના પૂરા થતા સમયગાળા માટેનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**..... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(2) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**....... માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(3) ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(4) ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(5) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....કૃષિ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(6) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(7) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૬-૨૭ના અંદાજો

**.....માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(8) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ

**.....માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(9) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....પશુપાલન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(10) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ

**.....ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા**

(11) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ તથા સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની કુલ-૬૨ અધિસૂચનાઓ તેમજ આ અધિસૂચનાઓ પૈકી તા.૨૩/૦૬/૨૦૨૬ સિવાયની તમામ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(12) સન ૨૦૨૫ના વિકસિત ભારત- રોજગાર અને આજીવિકા બાંયધરી મિશન ( ગ્રામીણ ) અધિનિયમ અન્વયેનું તા. ૩૦/૦૬/૨૦૨૬નું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનું જાહેરનામા ક્રમાંકઃ જીપી/૨૦૨૬નો ૧૭/ પીઆરએચઆરડીડી/એમજીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૬/૨૫૦૫/સેકશન-ખ૨

**.....માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(13) સન ૧૯૬૦ના ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ અન્વયેની તા.૩૦/૦૪/૨૦૨૬ની સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/એસ/૨૦૨૬-૧૧/જીએડી/એમપીએ/ઈ-ફાઈલ/૧/૨૦૨૬/૨૬૨૬/ કેબિનેટ

**..... સામાન્ય વહીવટ વિભાગનો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(14) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના

(૧) રાજય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(૨) ગુજરાત રાજય દ્વારા બાંહેધરી આપવાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચુકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(૩) બાંહેધરી આપનારની રૂએ રાજય સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન જે તે સંસ્થાઓ / વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

**..... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

## 4. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

(1) જાહેર સાહસો માટેની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી રમણલાલ વોરા/સભ્યશ્રી**

(2) પંચાયતી રાજ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી ઉદય કાનગડ/સભ્યશ્રી**

(3) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી વિનોદભાઈ મોરડીયા/સભ્યશ્રી**

(4) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી માલતી મહેશ્વરી/સભ્યશ્રી**

## 5. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી વિનોદભાઈ મોરડીયા/ સભ્યશ્રીનો પ્રસ્તાવ

(1) "આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય."

## 6. સરકારી વિધેયકો

(1) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૨૬નું ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**....... માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(2) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૬નું ગુજરાત ભાડા વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

....... **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(3) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૬નું ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબત (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

....... **મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

## 7. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨):-

**માનનીય સભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાનો પ્રસ્તાવ (૬૦ મિનિટ)**

(1) ગુજરાતના જનજાતીય સમુદાયના વિકાસ માટે સરકારે વ્યક્તિગત, કૌટુંબિક અને સામુદાયિક ધોરણે વિકાસના અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. રાજ્યના તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી અને હાલના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ તરીકે જાણીતી વનબંધુ કલ્યાણ યોજના(*VKY*)નો અમલ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ થી એક વિશિષ્ટ મિશન તરીકે શરૂ કરવામાં આવ્યો. સને ૨૦૨૦-૨૧ સુધીમાં વનબંધુ કલ્યાણ યોજના-૧ (*VKY*-1) માં કુલ ₹ ૧.૦૬ લાખ કરોડનો(રૂપિયા એક લાખ છ હજાર કરોડ) ખર્ચ કરવામાં આવેલ હતો. આ યોજનાના અમલ થકી અકલ્પનીય પરિણામો મળતાં રાજ્ય સરકારશ્રી દ્વારા વનબંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરવામાં આવી.

રાજ્ય સરકારે સને ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ માટે ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના—૨ (*VKY*-2) શરૂ કરેલ તે મુજબ અમારી સરકારે પાલન કરી અને જાહેરાત મુજબ એક લાખ કરોડ જોગવાઈ કરેલ છે. આ કાર્યક્રમને આગળ ધપાવતાં રાજ્ય સરકાર દ્વારા આદિજાતિઓના વિકાસ માટે, વનબંધુ કલ્યાણ યોજના—૨ (*VKY*-2)ની જોગવાઈ કરતાં બમણી એટલે કે, સને ૨૦૨૬-૨૭ થી આગામી પાંચ વર્ષ માટે ₹ ૨ લાખ કરોડની જોગવાઈ અંતર્ગત વિવિધ ૧૫ મુદ્દાઓનો સમાવેશ કરી, "જનજાતીય કલ્યાણ યોજના" શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૨૬-૨૭ માટે ₹ ૩૫,૭૮૦ કરોડ(પાંત્રીસ હજાર સાતસો એંશી કરોડ)ની જોગવાઈ પ્રથમ વર્ષ માટે કરવામાં આવેલ છે. ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજનાનું બજેટ જે અગાઉ વર્ષ ૨૦૦૭-૦૮ માં ₹ ૧૫,૦૦૦ કરોડ હતું. જે વધીને વર્ષ ૨૦૨૬-૨૭ માં આગામી ૫ વર્ષ માટે ₹ ૨ લાખ કરોડ થયું, જે આશરે ૧૩ ગણાનો વધારો દર્શાવે છે. આ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૫૮૮૪ ગામોમાં રહેતા ૧ કરોડ આદિજાતિ લોકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક લાભો સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર કાર્યરત રહે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

## 8. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો</u>

(1) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

**<u>........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા</u>**

**વિધાનસભા ગૃહ,**
**ગાંધીનગર.**
**તારીખ:10 સપ્ટેમ્બર 2026**

**ચેતન પંડયા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**